# પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા "બકરાપાલન -એક આદર્શ વ્યવસાય" વિષય ઉપર વડભેટ ગામના પશુપાલક બહેનોને તાલીમ આપવામાં આવી

"બકરી એ ગરીબની ગાય" એ કહેવત ગરીબી રેખાની નીચે જીવતા પશુપાલકો કે જે ગાય ભેંસો જેવા મોટા પ્રાણીઓ નિભાવી શકતા નથી તેઓ પૂરક વ્યવસાય તરીકે બકારાપાલન અપનાવી પોતાની આવક વધારી શકે છે. આમ, "બકરાપાલન- એક આદર્શ વ્યવસાય" વિષય ઉપર પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા), આદિવાસી સંશોધન –વ- તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાનાં વડભેટ ગામના પશુપાલક બહેનોને તેઓના ઘર આંગણે તા. ૨૦/૦૮/૨૦૧૯ ના રોજ તાલીમ આપવામાં આવી.

આ કાર્યક્રમમાં પશુ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. કે. એન. વાઘવાની (પ્રાધ્યાપક) દ્વારા પશુપાલકોને બકરાપાલન વ્યવસાયમાં બકરાપાલનનું આર્થીક પાસું, બકરા પાલન માટે અપનાવવામાં આવતી ઉછેર પદ્ધતીઓ, બકરા આહાર અને બકરા રહેઠાણના વૈજ્ઞાનિક પાસાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા.

ડો. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ બકરીની ઉપયોગીતા અને ઉપયોગીતાની દૃષ્ટીએ તેમનું વર્ગીકરણ, બકરીના દૂધની ખાસીયતો અને ઔષધિય ગુણો તેમજ બકરા આહારમાં લીલાચારાને સાયલેજ બનાવી અછતના સમયે કેવી રીતે ઉપયોગમાં લઇ શકાય તેનાથી માહિતગાર કરેલ હતા. શ્રી. જે. એમ. પટેલ (પશુધન નિરીક્ષક), પીવીકેએ પશુઓમાં જોવા મળતા બાહ્ય અને અત: પરોપજીવી કૃમિઓના નિયંત્રણ વિશે સમજણ આપેલ હતી.

## પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા “બકરાપાલન -એક આદર્શ વ્યવસાય” વિષય ઉપર તાલીમ

ગામ: વડભેટ તા. દે’બારીયા જીલ્લો: દાહોદ    તારીખ : ૨૦/૦૮/૨૦૧૯






